

આબાલ વૃદ્ધને સૌને પસંદીધ ખારી સીંગ-ચણા વેચતા ફેરીયા જોવા મળે ત્યારે જરૂર વિચાર આવે ખરેખર પોષ્ટીક અને સાત્વીક આહારથી લોકો કેટલા દૂર થઈ ગયા છે..! (તસવીર : કશ્યપ નીમાવત)

# રાયપુર કેનાલમાં ઝંપલાવી નરોડાનાં યુવાનનો આપઘાત

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક આવેલી રાયપુર નર્મદા કેનાલમાંથી આજે બપોરના સમયે એક યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા કેનાલ સિક્યુરીટી ગાર્ડે ડભોડા પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. મૃતદેહ બહાર કાઢી તપાસ કરતાં કેનાલમાં આપઘાત કરનાર યુવાન નરોડાનો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

અમદાવાદના નરોડા વિસ્તારમાં સ્થિત શીવ એપાર્ટમેન્ટમાં રહેતા યુવાન જીગર જસવંતભાઈ સોલંકીએ કોઈ અગમ્ય કારણોસર ગાંધીનગર નજીક આવેલી રાયપુર નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો છે. કેનાલ સિક્યુરીટી ગાર્ડ પ્રવિણજીએ પોલીસને જાણ કરતાં ડભોડા પોલીસમથકના એએસઆઈ વનરાજસિંહ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ માટે મૃતદેહ મોકલી આપ્યો હતો. આપઘાત કરવા પાછળનું કારણ બહાર લાવવા ડભોડા પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.



વાહનોને નિયમિત કરવા ટ્રાફિક સિગ્નલ કાયમ બંધ હાલતમાં જ જોવા મળે છે. અધિકારી નગરમાં કોઈની નજર નહી પડતી હોય..! કે પછી ચાલશે... જવા દો ને... (તસવીર : કશ્યપ નીમાવત)

# દસ વિભાગોની ૩૧ ફ્લેગશીપ યોજનાઓનું મોનીટરીંગ

ગાંધીનગર, તા. ૧૧

દસ જેટલા વિભાગોની ૩૧ જેટલી ફ્લેગશીપ યોજનાઓનું નિયમિત રીતે માસિક ધોરણે ઓનલાઈન સોફ્ટવેર દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા ફ્લેગશીપ યોજનાઓ અમલમાં મુકવામાં આવેલી છે.

વિભાગો દ્વારા અમલમાં મુકવામાં આવેલી ૧૦ જેટલા વિભાગોની અંદાજે ૩૧ જેટલી ફ્લેગશીપ યોજનાઓનું નિયમિતરીતે માસિક ધોરણે ઓનલાઈન સોફ્ટવેર દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે.

આ યોજનાના ૧૩૪ જેટલા પેરામીટર્સનું મોનીટરીંગ કરવામાં આવે છે. આ પેરામીટર્સ પૈકીના કેટલા પેરામીટર્સની કેટલા ટકા સિદ્ધિ છે તેની વિગતો આપવા સાથે સંબંધિત વિભાગોના નાયબ સચિવ કક્ષાના અધિકારીઓને સંબંધિત વિગતો ઓનલાઈન સબમીટ કરવા માટે યુઝર આઈ.ડી. અને પાસવર્ડ આપવામાં આવ્યા છે.

જે અધિકારીઓ દ્વારા આ વિગતો સમયસર યોગ્ય રીતે સબમીટ કરવામાં આવે તે પ્રકારની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે સંબંધીત વિભાગોના સચિવોને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## આજે સંસ્કાર ગૃપની મીટીંગ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના સંસ્કાર ગૃપના સભ્યોની મીટીંગ તા. ૧૨મી ઓક્ટોબર રવિવારે સાંજે ૬ થી ૭.૩૦ કલાક દરમિયાન યોજવામાં આવી છે. આ મીટીંગમાં નવા વર્ષની શુભેચ્છા માટેના ચાર્ટ પેપર તેમજ ગ્રીટીંગ્સ કાર્ડ બનાવવા અંગેની કામગીરી માટે માર્ગદર્શન આપવામાં આવશે તેથી ગૃપના સભ્યોને હાજર રહેવા તાકીદ કરાઈ છે.

## શેહર જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં મહત્વના નિર્ણયો

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની ઓક્ટોબર માસની માસીક બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયેલ હતા. પ્રમુખ લવજીભાઈ વાડિયાના અધ્યક્ષપણા હેઠળ મળી હતી. દિવાળી નિમિત્તોનું સ્નેહમિલન આગામી માસની બેઠકમાં રાખવામાં આવશે. સરકારમાં રજૂઆત કરેલ છે તેનો કોઈ પ્રત્યુત્તર મળેલ નથી. જે અંગે યોગ્ય કાર્યવાહી કરવી જે તાકીદ કરવી. ગત વર્ષના હિસાબો રજૂ કરેલ હતા. મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.



અરવલ્લી જિલ્લાના વડાગામ ખાતે તેમજ વડાગામ હાઈસ્કૂલ ખાતે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાસ-ગરબાના અંતે સૌએ દૂધ-પૌંઆનો પ્રસાદ લઈ આનંદ અનુભવ્યો હતો. (બાબુભાઈ પટેલ)

## સે. ૭ માં સંસ્કાર ગૃપ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

ગાંધીનગરના સંસ્કાર ગૃપ દ્વારા સે. ૭ ના બગીચામાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશમાં બગીચાને ગૃપના સભ્યો અને તેમના વાલીઓએ સાથે મળીને સ્વચ્છ બનાવ્યો હતો અને બગીચામાંથી તમામ કચરો પ્લાસ્ટીક વગેરેનો નિકાલ કર્યો હતો. આ ઝુંબેશમાં બગીચામાંથી સૌથી વધુ વ્યસનોના પાઉચનો કચરો હાથ લાગ્યો હતો. સંસ્કાર ગૃપ દ્વારા આ સફાઈ કાર્યના અંતે બાળકોને પોતાના ઘર તથા પ્રાંગણમાં સ્વચ્છતા રાખવા બાબતે માહિતી આપવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા હાલમાં ઉજવાઈ રહેલા વન્ય પ્રાણી સપ્તાહ અંગે માહિતગાર કરાયા હતા.

# 'દવા ઉદ્યોગનો ઊંચો વિકાસદર જાળવી રાખવા માટે મૂડી-આધારિત સબસિડીની યોજના તાતી જરૂરિયાત'

### દવા ઉદ્યોગના મહાકુંભ સમાન ત્રણ દિવસીય પ્રદર્શન ફાર્મેક ઈન્ડિયાનો મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે પ્રારંભ

દવા ઉદ્યોગના મહાકુંભ સમાન ફાર્મેક ઈન્ડિયાની પાંચમી આવૃત્તિનું આજે ઈન્ડિયન ડ્રગ્સ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (આઈટીએમએ), મુંબઈના પ્રેસિડન્ટ શ્રી એસ. વી. વીરરામાનીના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે આયોજિત આ પ્રદર્શનના ઉદ્‌ઘાટન પ્રસંગે સીડીએસસીઓ, અમદાવાદના ડેપ્યુટી ડ્રગ કંટ્રોલર ડો. એસ. ઈશ્વરા રેડ્ડી, ઓર્બિટ એક્ઝિબિશન્સ પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી રુપેણ વિકમસી, આઈડીએમએ-જીએસબીના ચેરમેન શ્રી ભરત દેસાઈ, આઈડીએમએ-જીએસબીની ફાર્મેક સબકમિટીના ચેરમેન શ્રી કમલેશ પટેલ, આઈડીએમ-જીએસબીના સેક્રેટરી તથા ઈન્ડિયાન ફાર્માસ્યુટિકલ એસોસિયેશનની ગુજરાત શાખાના જોઈન્ટ સેક્રેટરી શ્રી વીરાંચી શાહ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ત્રણ દિવસીય પ્રદર્શનનું આયોજન ઓર્બિટ એક્ઝિબિશન્સ પ્રાઈવેટ લિમિટેડ તથા આઈડીએમએ — ગુજરાત સ્ટેટ બોર્ડ (જીએસબી) દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે.

પાંચ વર્ષ અગાઉ સૌપ્રથમ વાર ફાર્મેકનું આયોજન કરવામાં આવ્યું ત્યારથી આ પ્રદર્શન દવા ઉદ્યોગના એક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન તરીકે ઊભરી આવ્યું છે. આ પ્રદર્શનના માધ્યમથી બલ્ક ડ્રગ ઉત્પાદકો, ફાર્મા મશિનરી તથા ઉપકરણોના ઉત્પાદકો, એપીઆઈ ઉત્પાદકો, ફાર્મા લેબોરેટરિઝ, પેકેજિંગ મટિરિઅલ સપ્લાયર્સ, મટિરિઅલ તથા કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરર્સ તથા ક્લિન રુમ અને વોટર ટેકનોલોજીના સપ્લાયર્સ એક જ છત્ર હેઠળ એકત્ર થાય છે. દવા ઉદ્યોગના બીટુબી સેગમેન્ટના હિતધારકો માટે સેતુ સમાન બનીને આ પ્રદર્શને આ ઉદ્યોગના વિકાસમાં ફાળો આપ્યો છે.

પ્રદર્શનના ઉદ્‌ઘાટન પછી પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી વીરરામાનીએ જણાવ્યું હતું કે ફાર્મેક ઈન્ડિયાના આયોજન પાછળનો મુખ્ય હેતુ ભારતના કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ એકમોનો વિકાસને બળ પુરું પાડવાનો છે. હાલમાં નેટવર્કનો જમાનો છે, ત્યારે સમગ્ર વિશ્વ ખૂબ જ નાનું થઈ ગયું છે, પરંતુ આવી સ્થિતિમાં પણ જો લાભ મેળવવો હોય તો તમારે તમારા નેટવર્કને સતત વિસ્તારતા રહેવું જોઈએ. એક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન તરીકે ફાર્મેક ઈન્ડિયા આ ક્ષેત્રની કંપનીઓને તેમના ઉત્પાદનો રજુ કરવાની તક તો આપે જ છે, સાથે સાથે તે નવા સંપર્કો પ્રસ્થાપિત કરવાનું માધ્યમ પણ બને છે.

# ઉદ્યોગ ખાણ વિભાગની કામગીરીને અસરકારક બનાવવા બે શાખાઓ મર્જ કરાઈ

ગાંધીનગર, તા. ૧૧

વિભાગોની કામગીરીને વધુ અસરકારક અને કાર્યક્ષમ બનાવવા માટે શાખાઓની કામગીરી અને અધિકારીઓની કામગીરીની સમીક્ષા કરીને પુનઃ ફાળવણી કરવા અને શાખાઓને મર્જર કરવા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતના વિકાસમાં ઔદ્યોગિક ક્ષેત્રનું વિશેષ પ્રદાન રહેલ છે. આથી ઉદ્યોગ અને ખાણ વિભાગની કામગીરીને વધુ અસરકારક અને કાર્યક્ષમ બનાવવા તેમજ ઓફિસર ઓરીયેન્ટેડ બનાવવાના હેતુથી વિભાગના સંયુક્ત સચિવના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી હતી.

આ સમિતિએ વિભાગને રજુ કરેલ અહેવાલ અને ભલામણોને લક્ષમાં લઈને શાખાઓ મર્જ કરવા અને અધિકારીઓ વચ્ચે કામગીરીની પુનઃ વહેંચણી કરવાનો વિભાગે નિર્ણય લીધો છે.

વિભાગે સમિતિની ભલામણોનો સ્વીકાર કરીને ઉદ્યોગ અને ખાણ વિભાગની ટ અને ચ શાખા મર્જ કરવાનો નિર્ણય લઈને બન્ને શાખાને મર્જ કરવામાં આવતા હવે આ શાખાનું નામ 'ચ' શાખા રાખવામાં આવ્યું છે.

આ ઉપરાંત ડ-૧ શાખામાં કમિશનર ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજની કચેરીનું મહેકમ તેમજ ઉદ્યોગ કમિશનર કચેરીનું મહેકમ છે. તેમાંથી નવી શાખા ડ-૩ બનાવવામાં આવી છે. આથી હવે ડ-૩ શાખામાં કમિશનર ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજની કચેરીના મહેકમની કામગીરી કરવાની રહેશે.

અ(આયોજન) અને બ (બજેટ) આ બન્ને શાખાઓને પણ મર્ચ કરવામાં આવી છે. અને આ શાખાનું હવે નવું નામાભિધાન બ-શાખા(બજેટ) રાખવામાં આવ્યું છે. જ્યારે અ-શાખા (આયોજન) દ્વારા હાથ ધરવામાં આવતી એચબીએ એમસીએ તથા અન્ય પેશગીઓ અંગેની કામગીરી હવેથી ડ-શાખાએ (મહેકમ)ને તબદીલ કરવામાં આવી છે. અ-શાખાની તે સિવાયના અન્ય વિષયોની કામગીરી બ-શાખાએ કરવાની રહેશે.

આ ઉપરાંત કેટલાક અન્ય વિભાગોમાં પણ કેટલીક શાખાઓ મર્જ કરવાની સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા શહેરમાં લૂંટ, ચોરી, મારામારી સહિત ગુનાખોરીના પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે દુકાનો, મકાનો સહિત મંદિરોમાં પણ ચોરીમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે રાજીવ ગાંધી કોમ્પલેક્ષમાં ગણપતિ મંદિરમાં વહેલી સવારે ચાંદીના બે છત્રોની ચોરી થવાની ફરિયાદ નોંધાવા પામી છે. ડીસાના મધ્યમાં આવેલ રાજીવ ગાંધી કોમ્પલેક્ષ ખાતે ડીસાના રાજા એવા ગણપતિ દાદાના મંદિર ખાતે વહેલી સવારે પૂજા કર્યા બાદ મંદિર ખુલ્લું હતું ત્યારે કોઈ અજાણ્યો ગઠીયો મંદિરમાં દર્શનના બાને આવી ગણપતિ દાદાની મૂર્તિ પર લટકતા ચાંદીના ૨ છત્રો જેની કિંમત અંદાજે ૫ હજારના લઈ ફરાર થઈ ગયો હતો. જેની જાણ આસપાસના વેપારીઓને થતાં તેઓએ ભેગા મળી આ ચોરીની ફરીયાદ ઉત્તર પોલીસ મથકે નોંધાવી હતી.


ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧


## ટેન્ડર નોટીસ

ગાંધીનગર મહાનગરપાલિકા, બી-બ્લોક, પ્રથમ માળ, બહુમાળી ભવન, સે.૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાને નીચેના સામ માટે સ્થાનિક, અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ટેન્ડરમાં ભાવો માંગવામાં આવે છે.


| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફીની રકમ | ઈ.એમ.ડી.ની રકમ |
|---|---|---|---|
| ૧૪ | ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીમાં પ્રિન્ટીંગ-છાપકામ અંગેનું કામ | રૂ. ૫૦૦/- | રૂ. ૧૫૦૦૦/- |

કોરા ટેન્ડર ફોર્મ નોન ટ્રાન્સફરેબલ - નોન રિફંડેબલ ટેન્ડર ફીની રકમ કચેરીની હિસાબી શાખાએ જમા કરાવેથી રજાના દિવસો સિવાય તા. ૧૩/૧૦/૨૦૧૪ થી તા. ૩૦/૧૦/૨૦૧૪ને સમય ૧૬-૦૦ કલાક સુધીમાં મળશે. ટેન્ડર સાથે ઈ.એમ.ડી.ની રકમ રૂ. ૧૫,૦૦૦/-નો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ મોકલવાનો રહેશે. ટેન્ડર ફોર્મ રજીસ્ટર પોસ્ટ / સ્પીડ પોસ્ટથી પરત મોકલવાની છેલ્લી તારીખ તા.૩/૧૧/૨૦૧૪ને સમય ૧૬-૦૦ કલાક સુધીમાં ઉપરોક્ત સરનામે મળી જાય તે રીતે મોકલી આપવાનું રહેશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૧૦/૧૦/૨૦૧૪
માહિતી/૧૪૨૬/૨૦૧૪-૧૫

સહી/-
મ્યુનિસિપલ કમિશનર

## શબ્દાવલી - ૫૫૩૦



### આડી ચાવી

૧. સલામ કરવી, ... આપવી (૩)
૩. સાવધાની, સતર્કતા (૪)
૫. આગ (૨)
૬. યાત્રા (૩)
૭. ઇરાદો (૪)
૯. રાક્ષસ (૩)
૧૧. ... ને ચંચળ (માંકડુ) કહેવાય છે (૨)
૧૨. ... કુતરા કરડે નહિ (૨)
૧૪. અવાજ, શોર (૨)
૧૫. આજ્ઞા (૨)
૧૬. આકાશમાંથી થતો ગેબી અવાજ (૫)
૧૭. પપ્પાના નાનાભાઇ (૨)
૧૮. બીજીવાર (૨)
૧૯. ઇનામદારી (૪)
૨૦. મ્યુઝીક, ગીત... (૩)

### ઊભી ચાવી

૧. સુરક્ષિતતા (૪)
૨. યોગ્ય (૩)
૩. ચોખ્ખું (૨)
૪. દેવી-દેવતા તરફથી મળતા આશિર્વાદ (૪)
૬. મહેલ, મકાન (૩)
૮. પ્રશ્ન, કોયડો (૩)
૧૦. વગોવવું તે (૪)
૧૨. આભાસ (અવાજનો) (૪)
૧૩. પારધી (૩)
૧૪. રવાના કરવું તે (૪)
૧૫. નભ (૩)
૧૬. મુશ્કેલ (૩)

### શબ્દાવલી ૫૫૨૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) સમાધાન (૩) આફત (૫) વાદ (૬) રગ (૮) કરમદ્દ (૯) કાપ (૧૦) રતાક (૧૧) મસકો (૧૩) દમક (૧૬) પપકોન (૧૯) ફર્જ (૨૧) રેલમછેલ (૨૩) તરલ (૨૪) કદર

**ઊભી ચાવી :-** (૧) સમારકામ (૨) ધાન (૩) આદમકદ (૪) તજ (૫) વારતા (૭) ગપસપ (૮) કર (૧૨) કોપરેલ (૧૪) મફલર (૧૫) કર્જ (૧૭) કોલ (૧૮) નમક (૨૦) માત (૨૨) છેદ

## સાન્યો ઝડપાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રિમાન્ડ મેળવીને વધુ પુછપરછ શરૂ કરી છે.

અમદાવાદ કુબેરનગર વિસ્તારનો રીઢો ચેઈન સ્નેચર શખ્સ સનાજી ઉર્ફે સોમજી ઉર્ફે સાન્યો ભુપતજી ઠાકોર છોટાઉદેપુર પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. ગાંધીનગર સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં પણ ત્રણ જેટલા ચેઈન સ્નેચીંગના ગુનામાં સાન્યો વોન્ટેડ હતો. સે. ૨૧ પોલીસ રીઢા શખ્સને આજે ટ્રાન્સફર વોરંટથી લઈ આવી છે અને કોર્ટમાં રજુ કરતા કોર્ટે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. સે. ૨૧ પોલીસે તેની ઝીણવટભરી પુછપરછ શરૂ કરી છે.

## વૈભવી કાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર પોલીસની કામગીરીથી અજાણ યુવાને મંત્રીશ્રી નિવાસસ્થાન પાસે આવેલા સર્કિટહાઉસ સામેના સર્કલ પાસેથી ગતિમર્યાદા કરતાં વધારે ઝડપથી ગાડી હંકારી અને બોગસ ડ્રાઈવીંગ કરતાં ત્યાંથી એલસીબી પી.આઈ. આસુતોષ પરમારે યુવાનની ધરપકડ કરી લીધી છે. હાલમાં આ ભવ્ય કારને ડિટેઈન કરી સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવી છે.





